**માન. અધ્યક્ષશ્રી,**

- ગુજરાત સહકારી મંડળી (સુધારા) અધિનિયમ 2024 ની ગુજરાતી કોપી માન. સભ્યશ્રીઓને આપવામાં આવેલ છે, તેમાં પેજ નં.3 માં આ બીલના ક્લોઝ નં. 8 ના બદલે ટાઈપ મિસ્ટેકથી 9 લખાયેલ છે, જે ક્લોઝ નં.8 વાંચવા માન. સભ્યશ્રીઓને વિનંતિ છે.

**માન. અધ્યક્ષશ્રી,**

- ભારતમાં વર્ષ 1904માં સૌ પ્રથમવાર સહકારી મંડળીઓ સબંધિત કાયદો બન્યો ત્યારપછી તેમાં વખતો-વખત સુધારાઓ થયા અને વર્ષ 1960માં જ્યારે ગુજરાત રાજ્યની સ્થાપના થઈ ત્યારબાદ ગુજરાત સહકારી મંડળીઓ સબંધિત અલગ કાયદો લાવવામાં આવ્યો જે હાલમાં અમલમાં છે.
- ગુજરાતમાં આ કાયદો અમલમાં આવ્યો ત્યારબાદ સહકારી પ્રવૃત્તિને નિયંત્રિત કરવાની કામગીરી શરૂ થઈ. જેના ભાગરૂપે **રાજ્યમાં 87 હજારથી વધુ સહકારી મંડળીઓ** બની અને તેમાં **1.71 કરોડ જેટલાં વ્યક્તિઓ સભ્ય** થયા.
- રાજ્યમાં સહકારી મંડળીઓની સંખ્યા વધવાની સાથે સાથે તેના સંલગ્ન પ્રશ્નોમાં પણ વધારો થયો છે. જેથી સમયાંતરે આ પ્રશ્નોના નિરાકરણ માટે કાયદામાં સુધારાઓ કરવા જરૂરી બને છે.
- ગુજરાતની હાલની સહકારી મંડળીઓનું ચિત્ર જોઈએ તો, **87 હજાર મંડળીઓ પૈકી 30 હજાર જેટલી મંડળીઓ તો ફક્ત હાઉસીંગ અને હાઉસીંગ સર્વિસ પ્રકારની છે.** એટલે કે, 1/3 મંડળીઓ ફક્ત હાઉસીંગ ક્ષેત્રમાં જ જોવા મળે છે. સાથે સાથે આવી સોસાયટીઓમાં લોકોના વ્યક્તિગત હિત અને અહંકારના પરિણામે પણ સતત પ્રશ્નો સામે આવ્યા છે. તેમજ ઘણીવાર સોસાયટીઓના પ્રમુખ અને સેક્રેટરીઓ પોતાને મનફાવે તે રીતે વહીવટ કરે છે. પરિણામે સહકારી કાયદામાં હાઉસીંગ સોસાયટીઓ માટે અસરકારક જોગવાઈ લાવવી જરૂરી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- ગુજરાતના સહકારી માળખાની વાત કરૂ તો, **દૂધ ક્ષેત્રે ગુજરાત કોઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનનું ટર્નઓવર આજે 80 હજાર કરોડ જેટલું થયુ છે**, રાજ્યમાં **214 જેટલી નાગરીક શહેરી સહકારી બેંકો** આવેલી છે, **10 હજારથી વધુ PACS છે**, **6 હજારથી વધુ ક્રેડીટ સોસાયટીઓ** અને **16 હજારથી વધુ દૂધમંડળીઓ** છે ત્યારે તેના વિકાસ અને નિયંત્રણ માટે અસરકારક સહકારી કાયદો જરૂરી છે.
- આપણે સૌ જાણીએ છીએ કે, કેન્દ્રમાં **માનનીય નરેન્દ્રભાઈએ જયારે અલગ સહકાર મંત્રાલયની રચના** કરી અને ત્યારબાદ સહકારી ક્ષેત્રમાં એક પછી એક અનેક સુધારાઓ કર્યા ત્યારે ભારત સરકારે તાજેતરમાં **મલ્ટીસ્ટેટ કોઓપરેટીવ સોસાયટી એક્ટમાં પણ સુધારાઓ** કર્યા છે.
- ગુજરાત સરકાર પણ કેન્દ્ર સરકાર સાથે કદમ થી કદમ મિલાવીને સહકારી ક્ષેત્રના વિકાસ માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકી છે. પરંતુ સહકારી સંસ્થાઓના વ્યાપ સાથે નાગરિકોને સરળતા થાય તથા સહકારી કાયદાનું સુચારૂ અમલીકરણ થઈ શકે તે માટે કાયદામાં કેટલાક સુધારા કરવા જરૂરી બન્યા છે તેથી **હું આજે આ સન્માનનીય ગૃહ માં કાયદામાં સુધારો લઈને આવ્યો છું.**

**માન.અધ્યક્ષશ્રી,**

**સહકારી કાયદામાં કરવા પાત્ર સુધારાઓ અને તેના ઉદ્દેશોની વાત કરૂ તો,**

- કાયદાની કલમ-6 અને 8 મુજબ, સહકારી મંડળીઓની નોંધણી માટે **10 વ્યક્તિઓની નોંધણી ફોર્મમાં સહી કરવી જરૂરી છે.** હવે હાઉસીંગ અને હાઉસીંગ સર્વીસ સોસાયટીઓમાં આપણે સૌ જાણીએ છીએ તે મુજબ જેવો પ્લોટ હોય અને તે પ્લોટમાં જેટલા મકાનો બનાવવાની મંજૂરી મળી હોય તે મુજબ જ બાંધકામ થઈ શકે. ઘણીવાર એવા પ્રશ્નો પણ ઉપસ્થિત થાય છે કે, ફક્ત 8 કે 9 મકાનો હોય અને તેઓને હાઉસીંગ સોસાયટી બનાવવી હોય તો સહકારી કાયદા મુજબ આવી સોસાયટી બનાવી શકાતી નથી.
- વધુમાં રાજ્યમાં "રેરા" નો કાયદો અમલમાં આવ્યા બાદ આવા હાઉસીંગ પ્રોજેક્ટોની નોંધણી કરાવવી ફરજીયાત થઈ છે. **"રેરા"ના કાયદાની જોગવાઈ મુજબ 8 થી વધુ યુનિટ હોય તો તે કાયદા મુજબ ફરજીયાત નોંધણી કરાવવાની હોય છે**, સાથે સાથે હાઉસીંગ સોસાયટી પણ બનાવવાની થાય છે. ત્યારે સહકારી કાયદાની જોગવાઈને કારણે 10 થી ઓછા યુનિટમાં સહકારી મંડળીની નોંધણી થઈ શકતી નથી.
- આથી નાગરિકોની સરળતા માટે આવા પ્રકારની **હાઉસીંગ સોસાયટી માટે નોંધણી સમયે નોંધણી ફોર્મમાં 10 વ્યક્તિઓના બદલે 8 વ્યક્તિઓની સહીથી પણ હાઉસીંગ સોસાયટીની નોંધણી થઈ શકે તે માટે આજે સહકારી કાયદામાં સુધારો** રજૂ કરૂ છું.

- આ સુધારો અમલમાં આવેથી **હવે 10 ના બદલે 8 યુનિટ (મકાન/ફ્લેટ ના પ્રોજેક્ટો) ની નોંધણી પણ સહકારી કાયદા અન્વયે સર્વિસ હાઉસીંગ સોસાયટી તરીકે થઈ શકશે.** જે રાજયના નાગરિકોને ચોક્કસથી ઉપયોગી સાબિત થશે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

**સહકારી કાયદાની કલમ 67(ક) માં કરવામાં આવનારા સુધારાની વાત કરૂ તો,**

- સહકારી મંડળીઓ જ્યારે ધિરાણ કરતી હોય છે ત્યારે આપેલી લોન ઘણીવાર પરત આવતી નથી. જેના કારણે આવી સંસ્થાઓની આર્થિક સ્થિતિ ખરાબ થતી હોય છે.
- જેથી આ મંડળીઓ માટે **વર્ષ 2007માં અમારી સરકારે** ડૂબત લેણા ફંડ રાખવું તેવી જોગવાઈ કાયદામાં કરી છે. આથી આવી મંડળીઓને જ્યારે જરૂરીયાત થાય ત્યારે આવી વસુલ ન થઈ શકે તેવી લોન સામે આવા ફંડમાંથી માંડવાળ કરવાની રહે છે. પરંતુ કાયદામાં રાજ્ય સરકારની મંજૂરીથી જ આવી માંડવાળ કરવી તેવી જોગવાઈ હોવાથી **1 રૂપિયાથી લઈને ગમે તેટલી રકમ સુધીના માંડવાળના કેસોમાં રાજ્ય સરકારની મંજૂરી લેવી પડે છે. જેના કારણે સમય, શક્તિ, નાણાંનો વ્યય થાય છે.**

- આ જોગવાઈમાં ફેરફાર કરીને રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેર કરીને જે સત્તાધિકારી નક્કી કરે એવા સત્તાધિકારી ડૂબત લેણા ફંડના વપરાશ માટે મંજૂરી આપી શકે તેવી બાબત સૂચવેલ છે, જેથી સહકારી મંડળીઓની દરખાસ્તોના સંદર્ભે સમયસર નિર્ણય કરી શકાય, અને સમય તથા નાણાંનો વ્યય અટકાવી શકાય.
- આ પ્રકારનો સુધારો **સત્તાનું વિકેન્દ્રીકરણ** કરી રાજ્ય સરકારની સત્તાઓ તાબાના અધિકારીઓને સુપ્રત કરવામાં આવશે.
  - **જેથી સહકારી મંડળીઓના વસુલ ન આવી શકે તેવા લેણાં માંડવાડ કરવામાં ઝડપ આવશે.**
  - **વધુમાં ખરાબ લેણાંઓ માંડવાળ કરવાથી મંડળીને બેલેન્સશીટ ચોખ્ખી અને વિશ્વાસપાત્ર બનશે** અને
  - **જે મંડળીની વાસ્તવિક નાણાંકીય સ્થિતિ રજૂ કરશે.**

**માનનીય અધ્યક્ષશ્રી,**

- **અધિનિયમ કલમ-110(ચ)** ની હાલની જોગવાઈ મુજબ રાજ્યમાં કોઈ પણ સહકારી મંડળી ફડચામાં જાય ત્યારે મંડળીના ચૂકવવાના દેવા જેવાં કે,
    - **કેન્દ્ર / રાજ્ય સરકારનું લેણું,**
    - **RBI દ્વારા આપવામાં આવેલ થાપણ વીમાની રકમ,**
    - **મંડળીના કર્મચારીઓના બાકી લેણાં,**
    - **સ્થાનિક સત્તામંડળને ચુકવવાના વેરા,**
    - **કોર્ટ કેસ અન્વયે બાકીદારોને ચુકવવાના લેણા** બાબતે કોને અગ્રતા (પ્રાયોરીટી) આપવી તેવી જોગવાઈ હાલ કાયદામાં નથી, પરંતુ ફડચા અધિકારીઓ દ્વારા આ દેવા ચૂકવવા માટે અગ્રતાક્રમ નક્કી કરવામાં આવે છે.
- આ પ્રકારે ફડચા અધિકારી દ્વારા જુદી જુદી મંડળીઓમાં દેવા ચુકવવા સબંધે અલગ અલગ અગ્રતાક્રમ નક્કી કરી નિર્ણયો લેવામાં આવે છે. જેના કારણે પ્રશ્નો ઉદભવે છે, તેમજ કોર્ટ કેસો થાય છે. નામ.સુપ્રિમ કોર્ટ તથા નામ.હાઈકોર્ટ દ્વારા આવા કેસોમાં અગ્રતાક્રમ નક્કી કરવા માટે વખતોવખત ચુકાદાઓ આપેલ છે. કંપનીઓના કાયદામા પણ જ્યારે કોઈ કંપની ફડચામાં જાય ત્યારે દેવાની ચુકવણી માટે કોને અગ્રતા આપવી તેવી જોગવાઈ થયેલી છે. જેથી આ તમામ બાબતોને ધ્યાને લેતાં, કાયદામાં સુધારો સુચવેલ છે.

- ગૃહ સમક્ષ રજૂ થયેલ સૂચિત સુધારા થી ગુજરાત સહકારી મંડળીના નિયમો 1965 માં રાજ્ય સરકારને અગ્રતાક્રમ નક્કી કરવાની સત્તા મળશે. આ પ્રકારના નિયમોથી રાજ્યની તમામ સહકારી ફડચા બેંકો, તથા ફડચા મંડળીઓમાં દેવા ચુકવણી સબંધે ફડચા અધિકારી દ્વારા કરવામાં આવતા અગ્રતાક્રમના હુકમોમાં સુસંગતતા આવશે અને બિનજરૂરી વિવાદો નિવારી શકાશે અને લેણદારોને ઝડપથી ચુકવણા કરી શકાશે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

**સહકારી કાયદાની કલમ-114માં સુધારાની વાત કરૂ તો,**

- હાલમાં રાજ્યમાં આવેલ ફડચા હેઠળની સહકારી બેંકો તથા ફડચા મંડળીઓમાં વિવિધ પ્રકારના કોર્ટ કેસો થયેલા છે. જે લાંબા સમય સુધી નિકાલ થાય તેમ નથી. ઉપરાંત ફડચા હેઠળની મંડળીઓમાં કેટલાંક કાયદાકીય પ્રશ્નો અને સમયસર વસુલાત ન થવાને કારણે સંસ્થાઓની ફડચાની કામગીરી ઝડપથી પૂર્ણ કરી શકાતી નથી.
- હાલના કાયદાની જોગવાઈ મુજબ **5 વર્ષ સુધી ફડચાની કામગીરી ચાલુ રાખી શકાય છે**, ત્યાર બાદ રજિસ્ટ્રાર 1-1 વર્ષ એમ કુલ **5 વર્ષ મુદત વધારો આપી શકે છે, આમ કુલ 10 વર્ષની મુદત મળે છે,10 વર્ષ પછી ફડચા મંડળીની કામગીરી ચાલુ રાખી શકાતી નથી.** પરંતુ હજારો થાપણદારોએ સહકારી ક્ષેત્રમાં વિશ્વાસ રાખીને થાપણો મુકી હોય છે ત્યારે તેઓને તે રકમ પરત ચુકવવાની આપણા સૌની ફરજ છે. આથી 10 વર્ષ પછી પણ ફડચા મંડળીની કામગીરી ચાલુ રાખવી જરૂરી છે. વળી રાજ્ય સરકારને આવી મુદત વધારવાની સત્તા ન હોઈ, 10 વર્ષ પછી પણ મંડળીની ફડચાની કામગીરી પૂર્ણ કેમ ના થઈ શકી તેનું મુલ્યાંકન સરકાર કક્ષાએ થઈ શકતુ ન હતું. આથી થાપણદારો અને નાગરિકોના હિતમાં આવી ફડચા મંડળીઓની 10 વર્ષ પછી રાજ્ય સરકાર મુદત વધારો આપે તેવી જોગવાઈ લાવવી જરૂરી બની છે.

**માનનીય અદ્યક્ષશ્રી,**

- **કાયદામાં કલમ-159(ક) ની નવીન જોગવાઈનો ઉમેરો કરવા જઈ રહ્યા છીએ.**
- રાજ્યમાં શહેરીકરણ ના ભાગરૂપે મોટા શહેરોમાં વસ્તીઓનો વધારો જોવા મળે છે. જેથી આ લોકોના રહેણાંક માટે મોટી મોટી સ્કીમો બને છે. આ રહેણાંકો માટે બનતા હજારો ફ્લેટો માટે અલગ અલગ હાઉસીંગ સોસાયટીઓ બને છે. **રાજ્યમાં દર વર્ષે સરેરાશ 1500 જેટલી હાઉસીંગ સોસાયટીઓની નોંધણી થાય છે.** જેમાં લાખો સભાસદો રહે છે. આ સભાસદો પૈકી ઘણા સભાસદોને પોતાનું મકાન વેચવાનું થતુ હોય છે. ત્યારે વેચાણ આપેલ વ્યક્તિ આ સોસાયટીમાં સભ્ય બનતો હોય છે અને તે માટે તેને સોસાયટીમાં ટ્રાન્સફર ફી ભરવી પડતી હોય છે. કાયદામાં ટ્રાન્સફર ફી ની જોગવાઈ ન હોવાને કારણે ઘણી સોસાયટીઓ દ્વારા હજારો રૂપિયાથી લઈ લાખો રૂપિયામાં ટ્રાન્સફર ફી ભરવા માટે લોકોને મજબૂર કરવામાં આવે છે.
- હાઉસીંગ અને હાઉસીંગ સર્વીસ સોસાયટીઓના ટ્રાન્સફર ફી બાબતે અગાઉ મેં વાત કરી જ છે. જે કાયદાકીય સુધારો આ કલમમાં થઈ રહ્યો છે. આ કાયદો અમલી થયેથી રાજ્ય સરકાર ટ્રાન્સફર ફી બાબતે નિયમોમાં જોગવાઈ કરી શકશે અને જેના કારણે સોસાયટીના પ્રમુખ/સેક્રેટરી કે કમીટી પોતાની મનમાનીથી ટ્રાન્સફર ફી નક્કી કરી શકશે નહીં કે વસુલ કરી શકશે નહીં.

**માનનીય અધ્યક્ષશ્રી,**

- આમ, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ–1961ના આ સુધારાઓ ગુજરાતની સહકારી પ્રવૃત્તિને વધુ સુદ્રઢ બનાવશે તેવી આશા વ્યક્ત કરું છું.
- જે તમામ માન. ધારાસભ્યશ્રીઓ ચર્ચામાં ભાગ લીધો એ તમામ સભ્યોનો આભાર વ્યક્ત કરું છું અને **ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ–1961માં જે સુધારા લઈને આવ્યો છું, તે તમામ સુધારાઓ મંજૂર કરવા આ સન્માનીય ગૃહને વિનંતી કરૂં છું.**

*****